ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૦.૬ ડીગ્રી
લઘુતમ : ૧૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૫૩ ટકા

# શહેરમાં રખડતા પશુઓનો ત્રાસ

## રખડતા આખલાઓને પાંજરે પુરવા માંગ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ ખુબ વધી જવા પામ્યો છે. શહેરના માર્ગો પર અડીંગા નાંખીને બેસતા ઢોર વાહન આવે તો પણ ઉભા થતા નથી. રખડતા ઢોરને પગલે શહેરના વાહનચાલકોને નાના મોટા અકસ્માત પણ સર્જાયા છે. ત્યારે ગઈકાલના રોજ સેકટર-૨૪ શાકમાર્કેટ બે આખલાએ આંતક મચાવ્યો હતો. જેને પગલે કેટલાક વાહનો અને દુકાનના સંચાલકોને નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે શહેરમાંથી રખડતા ઢોરને પાંજરે પુરવા શહેરના એક જાગૃત નાગરીકે ગાંધીનગર મહાનગર પાલિકાના તંત્રને લેખિત રજુઆત કરી છે.

રખડતા ઢોર અંગે એમ.યુ.કાગદી જણાવી રહ્યા છે કે છેલ્લા ઘણા સમયથી વખતો વખત ઢોર પકડ ઝુંબેશ ચાલે છે. તો આવા ભયંકર આખલાઓ હજુ કેમ પકડાયા નથી. રખડતી ગાયો અને આખલાઓ એક સેકટરમાંથી પકડી બીજા સેકટરમાં છોડી મુકવામાં આવતા હોય તેમ લાગી રહ્યું છે. સે-૭ અને ૨૧ શાકમાર્કેટની આસપાસ સૌથી વધુ આખલાઓ અને ગાયો જોવા મળે છે. ત્યારે આખલાઓને અગ્રીમતા આપી પકડી કાયમી ઉકેલ લાવવા જણાવ્યું છે. રખડતા ઢોરનો પ્રશ્ન સમગ્ર ગુજરાતમાં છે પરંતુ પાટનગરમાં હોય તે શરમજનક કહી શકાય રખડતા ઢોરને પગલે તેના માલિક સામે કાયદેસરની કાર્યવાહી કરવી. ઢોર પકડ પાર્ટી પણ એક સેકટરથી બીજા સેકટરોમાં દોડાદોડ કરે છે. પરંતુ ઢોર હાથમાં આવતા ન હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે તંત્રને આ અંગે યોગ્ય કરવા નગરના જાગૃત નાગરીક એમ.યુ.કાગદીએ જણાવ્યું છે.



# પીડીપીયુ ખાતે બ્લોક પ્રિન્ટિંગ વર્કશોપ યોજાયો

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી સંલગ્ન સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના ઓડિટ કોર્સ અંતર્ગત 'એક્સપોઝર ટુ એનસીસી' કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ માટે બ્લોક પ્રિન્ટિંગ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં ૪૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમને જયંતિભાઈ ચિતારા તથા તેમની ટીમે બ્લોક પ્રિન્ટિંગ શિખવાડ્યું હતું.

# નવ લાખ ઉમેદવારોના ભવિષ્ય સાથે ચેડા કરનાર સરકાર ન્યાય કરે : એનએસયુઆઈ



ગાંધીનગર,તા.૩

લોકરક્ષકની પરિક્ષાનું પેપર લીક થતા રાજયના નવ લાખ ઉમેદવારોના ભવિષ્ય સાથે ચેડા કરનાર ભાજપ સરકાર લાખો ઉમેદવારોને ન્યાય આપે અને વિદ્યાર્થીઓને તેમનું વળતર આપવામાં આવે તેવી લેખિત રજુઆત જિલ્લા કલેકટરને એનએસયુઆઈના કાર્યકરોએ કરી છે.

છેલ્લા બે દાયકાથી રાજયમાં શાસન કરતી ભાજપ સરકાર યુવાનોને રોજગારી આપવામાં સદંતર નિષ્ફળ નીવડી છે. દર વર્ષે શિક્ષિત બેરોજગારોની સંખ્યામાં વધારો થવા પામે છે. સરકાર નવી રોજગારી ઉભી કરવાના સ્થાને કોન્ટ્રાકટ પ્રથા, ફિકસ પગાર, આઉટસોર્સિંગ જેવા રૂપકડા નામો હેઠળ યુવાનોનું શોષણ કરે છે. તમામ મોરચે નિષ્ફળતાઓનો ઈતિહાસ ધરાવતી રાજયની ભાજપ સરકારે રાજયના યુવાનોની રોજગારીના મામલે અસહ્ય અને ગુન્હાહિત બેદરકારી દાખવી છે. ત્યારે ગતરોજ તંત્ર દ્વારા અચાનક લોકરક્ષકની પરિક્ષા રદ કરવામાં આવતા ઉમેદવારો ને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. તમામ મોરચે નિષ્ફળ નિવડેલી રાજય સરકારે યુવાનોની માફી માંગવી જોઈએ અને મુખ્યમંત્રી રૂપાણીના રાજીનામાની માંગ એનએસયુઆઈએ કરી છે. જયારે જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી ઉમેદવારોને વળતર ચુકવવા પણ લેખિત રજુઆત કરી છે.

# શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગરની ડિસેમ્બર માસની કાર્યવાહક સમિતિની માસિક બેઠક આગામી તા. ૬ ડિસેમ્બરને ગુરુવારના રોજ સંસ્તાના કાર્યકારી પ્રમુખ જયંતભાઈ ભટ્ટના અધ્યક્ષ સ્થાને સાંજે ૪.૩૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ ,બીજે માળ સે-૨૨ ખાતે યોજાશે. આ બેઠકમાં અગત્યની ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. જેમાં સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને અચુક હાજર રહેવા જણાવાયું છે.



સેકટર-૭માં ચૌધરી સ્કૂલ ખાતે શાળાના જુનિયર કલાર્ક ભારતીબેન વસાવાની વયનિવૃત્તિ પ્રસંગે વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં હરિભાઈ ચૌધરી, શંકરભાઈ ચૌધરી, સેંધાભાઈ ચૌધરી, યશવંતભાઈ ચૌધરી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. શાળા પરિવાર દ્વારા ભારતીબેનનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

# આજે સેકટર-૭ એ ખાતે પંચકલ્યાણકની પૂજા યોજાશે

## રજત જયંતિ મહોત્સવમાં વિવિધ મંગલ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર શહેરના સેકટર-૭ એ પ્લોટ નં. ૨૨૯ ગૃહ ચૈત્ય ખાતે વસવાટ કરતા સૂર્યકાન્ત રતિલાલ મહેતા પરિવાર (નિવૃત.આઈએએસ)ને સરકાર દ્વારા વર્ષ ૧૯૮૮માં ૩૩૦ મીટરનો પ્લોટ ફાળવ્યો હતો. આ પ્લોટ ઉપર મકાન બનાવશો તો તેનુ પાપ મને લાગશે, તેવી જીદ સુશીલાબેને કરતા ગૃહ ચૈત્ય બનાવવાનું વિચાર્યું હતું.અને ગુરુદેવ સમક્ષ અમારી ઈચ્છા પ્રગટ કરી હતી. થોડા સમય બાદ પૂજય ગુરુદેવ જણાવ્યું હતું કે વાસણા નવકાર તીર્થમાંથી નકરો આપીને તમારા ગૃહ ચૈત્ય માટે શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમા લઈ આવજો. ત્યારે ત્રણ આચાર્ય ભગવંતનો નિશ્રામાં આ પ્રતિમાજીની પ્રાણ પુર્યા છે. આ ગૃહ ચૈત્યની પ્રાણ પ્રતિષ્ઠા ૪૩ સાધુ સાધ્વી ભગવંતોની નિશ્રામાં થઈ હતી અને જૈન અગ્રણી શ્રાવક શ્રેણિકભાઈ સહિત અનેક અગ્રણીઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા. ત્યારે આ ગૃહચૈત્યને કારતક વદ બારસને ૨૫ વર્ષ પૂર્ણ થતા હોવાથી ત્રિ દિવસીય રજત જયંતિ મહોત્સવની ઉજવણી કરવાનું નક્કી કર્યું હતું. જેમાં મંગલમય પ્રથમ દિવસે તા. ૨-૧૨-૧૮ ને રવિવારના રોજ સવારે ૯ કલાકે પૂ.ગુરૂભગવંતનું પ્રવચન યોજાયું હતું. જયારે તા. ૩ ના રોજ પ્રભુજીના ૧૮ અભિષેક ની પૂજા સવારે ૯ કલાકે કરવામાં આવી હતી. જયારે પાવનકારી મંગલમય ત્રીજા દિવસે તા.૪ ને મંગળવારના રોજ પંચ કલ્યાણકની પૂજા કરવામાં આવશે. ત્યારે આ ભકિત મહોત્સવમાં પધારવા સૂર્યકાન્ત રતિલાલ મહેતા પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.



ગાંધીનગરના સમસ્ત ગુજરાત બ્રાહ્મણ સમાજ દ્વારા સમાજના આર્થિક અને શૈક્ષણિક પછાત વર્ગોનો સર્વે કરાવવાની માંગ સાથે ઓબીસી પંચના અધ્યક્ષ સુજ્ઞાબેન ભટ્ટને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી ખાતે વિશ્વ એઈડસ દિવસની કરાયેલ ઉજવણી




ગાંધીનગર, તા.૩

વિશ્વમાં દર વર્ષે તા. ૧ ડિસેમ્બરને 'વિશ્વ એઈડસ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ચિલ્ડ્રન્સ યુનિ. દ્વારા ચાલતા માસ્ટર ઈન સોશ્યલ વર્ક વિભાગ દ્વારા વિશ્વ એઈડસ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં કુલસચિવ ડૉ. કલામણીબહેન રાવ, અધ્યાપકશ્રીઓ, સ્ટાફ તથા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અંતર્ગત ચાલતા વિવિધ અનુસ્નાતક અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં સરસ્વતી વંદના કરવામાં આવી હતી. ત્યારબાદ અધ્યાપક ડૉ. ક્રિસ્ટીના પરમારે એઈડસ વિશેની પ્રસ્તાવના રજૂ કરી હતી અને અધ્યાપક ડૉ. નિલેશભાઈ રાઠોડે એઈડસ અંગે જાગૃતિ લાવવા માટે સંદેશ પાઠવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા એઈડસ જાગૃતિ માટે લઘુનાટિકા તેમજ અન્ય રોગો પ્રત્યે જાગૃતિ વિશે પોસ્ટર્સનું પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. પ્રાસંગિક ઉદબોધનમાં આસી. પ્રોફેસર ડૉ. નિલેશભાઈ પંડયાએ **'ICE'** શબ્દ દ્વારા **'Information Communication and Education'** થી લોકોમાં એઈડસ જેવી મહામારી પ્રત્યે જાગૃતિ અને તેની સામે લડવા માટે સમજ કેવી રીતે વિકસાવી શકાય તે માટે ચર્ચા કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન માસ્ટર ઈનસોશ્યલ વર્કના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે આભારવિધિ ડૉ. નિશિતા બક્ષી દ્વારા કરવામાં આવી હતી.




ગાંધીનગરની સી.એમ. પટેલ નર્સિંગ કોલેજ દ્વારા વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે આદિવાડા ખાતે પ્રાથમિક શાળામાં વિવિધ કાર્યક્રમો યોજ્યાં હતા. જેમાં શાળા પ્રદર્શન તથા નાટકો વગેરેનો સમાવેશ થાય છે. આ સાથે ગામમાં રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના આયોજનમાં પ્રિન્સિપાલ રાજેશભાઈ ઉપરાંત પ્રાધ્યાપકો ભાવિષાબેન, વાનીબેન તથા પ્રેમકુમાર સહિત શિક્ષકોના માર્ગદર્શન અંતર્ગત વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.





સેકટર-૨૩ સ્થિત શેઠ સી.એમ. હાઈસ્કૂલ ખાતે ધો-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને બોર્ડની પરીક્ષા ઉપરાંત જેઈઈ અને નીટ જેવી પરીક્ષાઓ બાબતે માર્ગદર્શન આપવા સહ ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના આચાર્યા ડૉ. ચેતનાબેન બુચ સહિત શિક્ષકગણ અને મોટી સંખ્યામાં વાલીગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.
(વિસ્તૃત અહેવાલ પાના નં. ૬ પર)

# વડિલ ગાયકોની 'સ્વર ધડકન'ને મળ્યું વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયાનું પ્રમાણપત્ર

## વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયાના પ્રમાણપત્ર તથા મેડલ્સ અર્પણ કાર્યક્રમમાં ફરી એકવાર ગાયકોએ પરફોર્મ કર્યું : ૨૭ ગાયકો સહિત આયોજક સંસ્થા સન્માનિત

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના હેત ફાઉન્ડેશન દ્વારા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી તેમજ ઑલ ઈન્ડિયા કરાઓકે આર્ટિસ્ટ એસોસિએશનના સંયુકત ઉપક્રમે તાજેતરમાં યોજાયેલ કાર્યક્રમ 'સ્વર ધડકન'માં શહેરના ૫૦થી વધુ ઉંમરના ગાયનનો શોખ ધરાવતા એક સાથે ૨૭ વડીલોની ગાયકીના પ્રયોગને વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા દ્વારા વિક્રમ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત તા. ૧લી ડિસેમ્બર શનિવારે સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા દ્વારા આયોજક સંસ્થા તથા ગાયકોને રેકોર્ડના પ્રમાણપત્રો અને મેડલ્સ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ફરી એકવાર તમામ ગાયકોએ તેમનું પરફોર્મન્સ આપ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગા, વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયાના પવન સોલંકી, ગાંધીનગર મનપાના ડેપ્યુટી મ્યુનિસિલ કમિશનર જે.બી. બારૈયા, અગ્રણી કલારસિક જયરાજસિંહ સરવૈયા તથા આશાબેન સરવૈયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ૫૦ વર્ષથી ઉપરની વયના વડિલ ગાયકો જેમણે રેકોર્ડ પ્રાપ્ત કાર્યક્રમમાં ભાગ લીધો હતો તે તમામે ફરી એકવાર પરફોર્મન્સ આપ્યું હતું. આ સાથે બે દિવ્યાંગ બાળકો ઓમ અને નીલુ શાહે પણ પરફોર્મન્સ આપ્યા હતા. કાર્યક્રમમાં કરાઓકે સંગીત સંચાલન તુષાર ત્રિવેદી તથા દિલીપ વૈષ્ણવે સંભાળ્યું હતું. જયારે કાર્યક્રમનું રસપ્રદ સંચાલન બિજોય તિવારી તથા મેઘના અગ્રાવત ગાંધી દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમના આયોજન માટે કિરીટકુમાર અગ્રાવત તથા હેત ફાઉન્ડેશનના પ્રમુખ સંજય તન્ના દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ગત તા. ૨૦મી ઓકટોબરે યોજાયેલા 'સ્વર ધડકન' કાર્યક્રમને વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા માટે નોમિનેશન મળ્યું હતું.




# દલિત વિચાર વિમર્શ દ્વારા આંબેડકર હોલ ખાતે યાખ્યાન યોજાશે

ગાંધીનગર,તા.૩

દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે ઉજવાતા આંબેડકર વિચારાંજલિ સપ્તાહ અંતર્ગત તા.૪-૧૨-૧૮ ને મંગળવારના રોજ જી.કે.રાઠોડનું ડો. આંબેડકરના ગ્રંથ ૨૪ ના કાયદા નં ૨ થી ૪ વિશે વ્યાખ્યાન સમિતિ ખંડ ડો. આંબેડકર ભવન સેકટર-૧૨ ખાતે સાંજના ૬ કલાકે યોજાશે.

## ચિરવિદાય

- સ્વ. સમુબેન નાથાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૧૦૮
- સ્વ. પરમાર જગુભાઈ લગરભાઈ, ઉ.વ. ૬૮
- સ્વ. ઠાકોર ઉજમબેન રામાજી, ઉ.વ. ૭૫